**પ્રેસ પ્રકાશન**

**ભારતીય રિઝર્વ બેંક**

**વેબસાઈટ : www.rbi.org.in**

સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358 ઈ-મેઈલ : helpdoc@rbi.org.in

ઓક્ટોબર 20, 2016

## સૉવરીન સુવર્ણ બોન્ડ્સ, 2016-17 શ્રેણી-III

ભારતીય રિઝર્વ બેન્કે, ભારત સરકાર સાથે પરામર્શ કરી ને સૉવરીન સુવર્ણ બોન્ડ્સ, 2016-17 શ્રેણી-III જારી કરવા નું નક્કી કર્યું છે. બોન્ડ માટે ની અરજીઓ ઓક્ટોબર 24, 2016 થી નવેમ્બર 2, 2016 સુધી સ્વીકારવામાં આવશે. બોન્ડ્સ નવેમ્બર 17, 2016 ના રોજ જારી કરવામાં આવશે. બોન્ડ્સ નું વેચાણ બેન્કો, સ્ટોક હોલ્ડિંગ કોર્પોરશન ઓફ઼ ઈન્ડિયા (SHCIL), નિયુક્ત પોસ્ટ ઓફિસો અને રજિસ્ટર્ડ સ્ટોક એક્ષ્ચેંજો જેમ કે, નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઓફ઼ ઈન્ડિયા લિમિટેડ, બોમ્બે સ્ટોક એક્ષચેન્જ, દ્વારા કરવામાં આવશે. બોન્ડ ની લાક્ષણિક્તાઓ નીચે આપવામાં આવેલ છે.

| ક્રમાંક | આઈટમ (Item) | વિગતો |
|---|---|---|
| 1. | વસ્તુ નું નામ | સૉવરીન સુવર્ણ બોન્ડ્સ, 2016-17 શ્રેણી-III |
| 2. | ફ઼ાળવણી | ભારત સરકાર વતી રેઝર્વ બેન્ક ઓફ઼ ઈન્ડિયા જારી કરશે |
| 3. | પાત્રતા/યોગ્યતા | બોન્ડ નું વેચાણ નિવાસી ભારતીય કંપનીઓ વ્યક્તિઓ સહિત, HUFs, ટ્રસ્ટ, યુનિવર્સિટીઓ અને શાખાવતી સંસ્થાઓ સુધી સીમિત રહેશે. |
| 4. | ડીનોમિનેશન | બોન્ડ સોના ના 1 ગ્રામ ના મૂળભૂત એકમ સાથે તેના ગ્રામ ગુણાંકમાં વરાયેલ હશે. |
| 5. | મુદત | બોન્ડ્સ ની મુદત વ્યાજ ચુકવણી ની તારીખે ઉપયોગ કરી ને 5 વર્ષ બહાર નીકળવના વિકલ્પ સાથે 8 વર્ષના ના ગાળા માટે હશે. |
| 6. | ન્યૂનતમ કદ | ન્યૂનતમ મંજૂરીપાત્ર રોકાણ 1 ગ્રામ સોનું હશે |
| 7. | મહત્તમ મર્યાદા | નાણાકીય વર્ષ (એપ્રિલ-માર્ચ) દીઠ એકમ દ્વારા સબ્સ્ક્રાઈબ કરતી મહત્તમ રકમ વ્યક્તિ દીઠ 500 થી વધુ ગ્રામ રહેશે નહીં. આવું સેલ્ફ઼ ડિકલેરેશન મળવવા/લેવા માં આવશે. |
| 8. | સંયુક્ત ધારક | સંયુક્ત હોલ્ડિંગ ના કિસ્સામાં 500 ગ્રામ રોકાણ મર્યાદા ફ઼ક્ત પ્રથમ અરજદાર પર લાગુ કરવામાં આવશે. |
| 9. | ઈસ્યુ ભાવ | બોન્ડ નો વાસ્તવિક ભાવ ભારતીય રૂપિયા માં, ભારતીય બુલિયન એન્ડ જ્વેલર્સ |

| | | |
|---|---|---|
| | | એશોસીએશન દ્વારા પ્રકાશિત કરાતા 999 શુદ્ધતા ના સોનાના, સબ્સ્ક્રિપ્શન અવધિ ના આગળ ના સપ્તાહ ના બંધ ભાવ ની સાદી સરેરાશ પર થી નિશ્ચિત કરાશે. બોન્ડ નો વાસ્તવિક ભાવ ઈસ્યુ ભાવ કરતાં ₹ 50/- સોના ના પ્રતિ ગ્રામ દીઠ ઓછો હશે. |
| 10. | ચુકવણી વિકલ્પો | બોન્ડ્સ નું પેમેન્ટ કેશ ( મહત્તમ ₹ 20,000/- સુધી), ડિમાન્ડ ડ્રાફ્ટ, ચેક અથવા ઈલેક્ટ્રોનિક બેંકિંગ થી (કરવાનું) રહેશે. |
| 11. | ફાળવણી ફોર્મ | સુવર્ણ બોન્ડ્સ જીએસ (GS) એક્ટ 2006, હેઠળ ભારત સરકાર ના સ્ટોક જેમ જારી કરાશે. રોકાણકારો ને તેના માટે હોલ્ડિંગ સર્ટિફિકેટ જારી કરવામાં આવશે. બોન્ડ્સ ડિમેટ માં પરીવર્તન માટે લાયક છે. |
| 12. | રિડંપ્શન ભાવ | રિડંપ્શન ભાવ, ભારતીય રૂપિયા માં, IBJA દ્વારા પ્રકાશિત કરાતા 999 શુદ્ધતા ના સોનાના આગળ ના સપ્તાહ (સોમવાર – શુક્રવાર) ના બંધ ભાવ ની સાદી સરેરાશ પર આધારિત હશે. |
| 13. | વેચાણ માટે ચેનલ | બોન્ડ નું વેચાણ બેન્કો, સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SHCIL), નિયુક્ત પોસ્ટ ઓફિસો (અધિસુચિત કર્યા પ્રમાણે) અને માન્યતપ્રાપ્ત સ્ટોક એક્ષચેંજો જેમ કે નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ, બોમ્બે સ્ટોક એક્ષચેન્જ, દ્વારા સીધું કે એજન્ટ મારફતે કરવામાં આવશે. |
| 14. | વ્યાજ દર | રોકાણકારો ને અંકિત મૂલ્ય પર 2.20% પ્રતિ વર્ષ ના દરે, અર્ધ વાર્ષિક ધોરણે વળતર આપવા માં આવશે. |
| 15. | જામીનગીરી (collateral) | લોન માટે બોન્ડ્સ ને જામીનગીરી જેમ વાપરી શકાશે. લોન ટૂ વેલ્યૂ ગુણોત્તર સામાન્ય સુવર્ણ લોન માટે રિઝર્વ બેન્કે વખતો વખત આદેશ કર્યા પ્રમાણે રાખવા નો રહેશે. |
| 16. | KYC ડોક્યુમેન્ટ | તમારા ગ્રાહક ને જાણો (KYC) ના ધોરણો સામાન્ય સોના ની ખરીદી માટે જરૂરી KYC ડોક્યુમેન્ટ જેવાકે મતદાતા ઓળખપત્ર, આધાર કાર્ડ, PAN અથવા TAN/પાસપોર્ટ ની જેમ સમાન રહેશે. |
| 17. | કર (ટેક્ષ ) ટ્રીટમેન્ટ | બોન્ડ પર નું વ્યાજ ઈનકમટેક્ષ એક્ટ, 1961 (1961 ના 43) ની જોગવાઈઓ અનુસાર કરપાત્ર હશે. વ્યક્તિ ને રીડિમ્પ્શન વખતે મૂડી લાભ (નફો) પર ના કર માંથી મુક્તિ છે. |
| 18. | ટ્રેડેબિલિટી | બોન્ડ્સ જારી કર્યા ના પખવાડિયા માં તેના સોદા (ટ્રેડેબલ) સ્ટોક એક્ષચેંજો પર આર.બી.આઈ એ અધિસુચિત કરેલી તારીખ થી થઈ શકશે. |
| 19. | SLR પાત્રતા | બોન્ડ્સ સ્ટેચ્યુટરી લિક્વિડિટી રેશિયો ના હેતુ માટે પાત્ર હશે. |
| 20. | દલાલી | ભરણું સ્વીકારનાર કચેરીઓ ને, તેમણે સ્વીકારેલ કુલ ભરણા ના 1% ના દરે દલાલી ચૂકવવા માં આવશે અને ભરણું સ્વીકારનાર કચેરીઓ એ તેમાંથી ઓછામાં ઓછી 50% દલાલી ધંધો લાવનાર એજન્ટ અથવા સબ એજન્ટ સાથે વહેંચવાની ની રહેશે. |

અજિત પ્રાસાદ

પ્રેસ પ્રકાશન: 2016-2017/985

સહાયક સલાહકાર